
Exchange Offer Rs. 4999/-
Glass Warranty 5 Years
Sunflame

PSC
PARMANAND STEEL CENTER
Opp. Khadi Bhandar, Ranjit Road, Jamnagar - 361001.
M. 94846 06565

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2026-2028
At Posted Jamnagar gty. 361001
www.nobat.com
જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક
Page 8 Price : ₹ 3.50
નોબત
NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
14 MARCH 2026, SATURDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 254

નિલેષ લલિતચંદ્ર વ્યાસ
ગોલ્ડ મેડાલીસ્ટ B.Com., L.L.B.

જ્યોતિષ શિરોમણી
દર અમાસે શિવાલયમાં કાલસર્પ યોગ શાંતિ
નવ ગ્રહના રીયલ રત્નો
ભાર્ગવ જ્યોતિષ કાર્યાલય
સચોટ કોમ્પ્યુટર જન્માક્ષર | વ્યાપારમાં વૃધ્ધી
સચોટ મેળાપક | લક્ષ્મી પ્રાપ્તી
વૈદિક કર્મકાંડ વાસ્તુ શાસ્ત્ર | શ્રેષ્ઠ આરોગ્ય
૧૦૧-ચૈતન્ય કોમ્પ્લેક્ષ, આર્ય સમાજ સ્કૂલ સામે, જામનગર
PH. 2663 108, Mob: 9426471 108, 99242 28528
www.bhargavjyotishkaryalay.in

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

ઈઝરાયલનો તહેરાન પર હૂમલોઃ ખાલી કરવા ધમકીઃ અમેરિકાના તેલ જહાજ પર વળતો હૂમલોઃ ટ્રમ્પ હવે હોર્મુઝ પર કબજો કરવાની ફિરાકમાં...

# મિડલ ઈસ્ટમાં ભીષણ જંગઃ સાઉદી અરેબિયામાં અમેરિકન એરબેઝ પર હૂમલો

નવી દિલ્હી તા. ૧૪: આજે પણ મિડલ ઈસ્ટમાં ભીષણ જંગ ચાલી રહ્યો છે. ઈઝરાયલે તહેરાન પર હૂમલો કર્યો છે અને ઈરાનનું તાબ્રિઝ ખાલી કરવાની ધમકી આપી છે. ઈરાને ઈરાકમાં અમેરિકી દૂતાવાસ પર હૂમલો કર્યો હોવાના સમાચાર છે. આ તરફ અમેરિકાના તેલ જહાજ પર હૂમલો થયો છે. જો કે, ભારત પ્રત્યે ઈરાન હવે કુણુ વલણ દાખવી રહ્યું હોય તેમ જણાય છે. બીજી તરફ ટ્રમ્પ હવે હોર્મુઝ સ્ટ્રેટ પર જ કબજો કરવાની ફિરાકમાં જણાય છે.

### ઈરાકમાં અમેરિકન દુતાવાસ પર એરસ્ટ્રાઈકઃ અમેરિકન જાસૂસોની માહિતી આપનારને એક લાખ ડોલરનું ઈનામ જાહેરઃ અમેરિકાના ૫ વિમાનોને નુકસાન

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. સાઉદી અરેબિયામાં આવેલા અમેરિકન એરબેઝ પર ઈરાને મિસાઈલથી હૂમલો કર્યો છે. જેમાં અમેરિકાના પાંચ વિમાનોને નુકસાન થયું છે. તો શારજહાંમાં અમેરિકન ઓઈલ જહાજ પર ઈરાને હૂમલો કર્યો હોવાના અહેવાલો છે.

બીજી તરફ ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ હવે ઈરાનના અંદરના વિસ્તારો સુધી પહોંચી રહ્યો છે. ઈઝરાયલી સેનાએ ઉત્તર-પશ્ચિમ ઈરાનના તાબ્રિઝ શહેરના પશ્ચિમમાં આવેલા ઔદ્યોગિક વિસ્તારોમાં રહેતા નાગરિકોને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવા માટે સત્તાવાર ચેતવણી આપી છે. ઈઝરાયેલના ફારસી ભાષાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક નકશો જાહેર કરીને જણાવવામાં આવ્યું છે કે, તેઓ આ વિસ્તારમાં રહેલા સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર, ખાસ કરીને એક પિસ્ટન ફેક્ટરીની આસપાસના મથકોને નિશાન બનાવવા જઈ રહ્યાં છે.

ઈઝરાયેલી સેનાએ સ્પષ્ટ કર્યુ છે કે, નાગરિકોની સુરક્ષા માટે આ વિસ્તારમાંથી દૂર જવું અનિવાર્ય છે, કારણ કે ત્યાં રહેવું તેમના જીવન માટે જોખમી સાબિત થઈ શકે છે.

શારજહાંમાં અમેરિકન ઓઈલ જહાજ પર હુમલો કરાયો છે, તો ઈરાકમાં યુએસ એમ્બેસી પર એર સ્ટ્રાઈક થઈ છે. ઈરાને સાઉદીમાં અમેરિકાના ૫ સૈન્ય વિમાન ડેમેજ કર્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જાહેરાત કરી હતી કે યુએસ સેનાએ ઈરાનના ખાર્ગ ટાપુ પર હુમલો કર્યો છે. આ હુમલાથી અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટમાં ટાપુઓ કબજે કરવાની યોજના બનાવી રહ્યું છે કે નહીં તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. કારણ કે ટ્રમ્પે એક દિવસ પહેલા જ મધ્ય પૂર્વમાં ૨,૫૦૦ મરીનને તૈનાત કરવાનો આદેશ આપ્યો હતો. ભૂતપૂર્વ યુએસ નેવી અધિકારી અને સંરક્ષણ નિષ્ણાત માલ્કમ નેન્સે એક મૂલ્યાંકન ઓફર કર્યુ છે, તેને એક ખતરનાક યોજના ગણાવી છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલા સંઘર્ષમાં હવે એક નવો વળાંક આવ્યો છે. પશ્ચિમ એશિયામાં સતત વધતા તણાવને જોતા અમેરિકાએ આક્રમક વલણ અપનાવ્યું છે. અમેરિકી સંરક્ષણ વિભાગે આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરવા માટે જંગી સૈન્ય જમાવટ કરવાનો નિર્ણય લીધો છે. આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાન તરફથી વધી રહેલા ખતરાને રોકવાનો અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં સુરક્ષા સુનિશ્ચિત કરવાનો માનવામાં આવી રહ્યો છે. તાજેતરના અહેવાલ મુજબ, અમેરિકાએ પોતાની ૩૧મી મરીન એક્સપિડિશનરી યુનિટના ૨૫૦૦ જાંબાઝ સૈનિકોને મોકલવાનો પ્લાન બનાવ્યો છે.

ઈરાનની રાજધાની તેહરાનમાં જ્યારે હજારો લોકો કુદ્સ ડે રેલી માટે એકઠા થયા હતા, ત્યારે ફર્દોસી સ્ક્વેર પાસે એક ભયાનક ધડાકો થયો હતો. આ હુમલા

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

## ગુજરાતમાં ગેસની અછત ? દેર આયે, દૂરસ્ત આયે... સબ કો સન્મતિ દે ભગવાન...

અત્યારે દેશભરમાં રાંધણગેસની અછતના મુદ્દે ઉહાપોહ છે અને સરકાર "સબ સલામત"ની વાતો જ દોહરાવી રહી છે, પરંતુ ઠેર-ઠેર જોવા મળતા દૃશ્યો કાંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. ગેસના બાટલાનું બુકિંગ ઓટોમેટિક સિસ્ટમથી જ થાય છે, તેથી ગેસ એજન્સીઓની ઓફિસોમાં બુકીંગ થઈ શકતુ નથી, અને ઓટોમેટિક સિસ્ટમમાં ટેકનિકલ ક્ષતિઓ-સર્વર ડાઉન કે પછી અન્ય કોઈ કારણે બુકીંગમાં વિલંબ થાય કે બુકીંગ થાય જ નહીં, તેવા સંજોગોમાં લોકો (કસ્ટમર્સ) ગેસ એજન્સીઓની ઓફિસે પહોંચી જતા હોય છે, અને ત્યાં પણ માત્ર લાચારીભર્યા ગોળ ગોળ જવાબો મળતા હોવાથી લોકોમાં નારાજગી વધી રહી છે. બીજી તરફ આ અસંતોષ ક્યાંક એટલી એન્ટી ઈન્કમ્બન્સી ઊભી ન કરી દે, કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અણધાર્યો ફટકો પડે, તેવી ચિંતા કદાચ ભાજપના અંતરંગ સ્થાનિક વર્તુળોથી માંડીને પ્રદેશ કક્ષા સુધી ફેલાઈ ગઈ હોય, તેવા સંકેતો પણ મળી રહ્યા છે. આ કારણે જ જિલ્લા તંત્રો દ્વારા સતત "સબ સલામત" ની જાહેરાતો કરાવીને તથા જિલ્લા કક્ષાએ સમીક્ષા બેઠકોનો સીલસીલો ચાલ્યા પછી હવે ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ આ મુદ્દે ખાસ બેઠક બોલાવવી પડી હશે, તેવો વ્યંગ પણ વિપક્ષી સમર્થકોના વર્તુળોમાં વ્યક્ત થઈ રહ્યો છે.

બીજી તરફ શાસક પક્ષમાં પણ આ મુદ્દે ગુપસુપ અને અટકળો તથા આશંકાઓ શરૂ થઈ ગઈ હોવાનું ચર્ચાય છે. આ સ્થિતિમાં પોલિટિકલ ડેમેજ કંટ્રોલ માટે બોલાવાઈ હોય કે પછી સંકટના સમયમાં પ્રજાની પડખે ઊભા રહેવાનો રાજધર્મ નિભાવવા આ બેઠક બોલાવાઈ હોય, તો પણ કહી શકાય કે દેર આયે...દૂરસ્ત આયે.!!

ગઈકાલે એવા અહેવાલો આવ્યા કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બેઠક બોલાવીને રાજ્યમાં ગેસનો પૂરવઠો, ઈંધણ એટલેકે પેટ્રોલ, ડીઝલ, ઓઈલ વગેરેની સ્થિતિ, વિતરણ વ્યવસ્થા તથા કાળાબજાર વગેરે તમામા પાસાઓની ચર્ચા વિચારણા અને સમીક્ષા કરી હતી. આ બેઠક દરમ્યાન રાજ્યભરના તંત્રોને કેન્દ્રની ગાઈડલાઈનનું કડક પાલન કરવા સૂચવવા તથા લોંગ ટર્મ પ્લાનીંગનું ચૂસ્ત અમલીકરણ કરવાના નિર્દેશો પણ અપાયા. આ પ્રકારની બેઠક બોલાવાઈ, રાજ્યભરમાંથી માહિતી મેળવાઈ અને કેટલાક નક્કર આયોજનો તથા નિર્દેશો અપાયા હોય તો તેમાંથી જ ફલિત થાય છે કે રાજ્યમાં રાંધણગેસના પુરવઠાની સ્થિતિ ઠીક નથી અને

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

### ભાજપ આ બિલ સર્વાનુમતે પાસ કરાવશે ?

## કોંગ્રેસે ગુજરાત વિધાનસભામાં રજૂ કર્યું ગાયને રાજમાતાનો દરજ્જો આપવાનું બિલ

ગાંધીનગર તા. ૧૪: ગૌમાતાને રાજમાતાનો દરજ્જો આપવા કોંગ્રેસે ગુજરાત વિધાનસભામાં બિલ રજૂ કર્યું છે. હવે બિલ પર ભાજપ કેવું વલણ અપનાવે છે, તેના પર સૌની નજર છે.

ગુજરાત વિધાનસભામાં આજે કોંગ્રેસ પક્ષ તરફથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ રાજ્યમાં ગૌવંશ સન્માન અને સુરક્ષાના ભાગરૂપે ગૌમાતાને રાજમાતા તરીકેનો દરજ્જો અપાવવા માટે અગત્યનું બિલ રજૂ કર્યું હતું.

બીજી બાજુ હવે ગૌરક્ષાની અને ગાયને માતા તરીકે કહી મત માગતી ભાજપ સરકારના પ્રતિનિધિઓ આ બિલ સર્વાનુમતે પસાર કરાવે છે કે નહીં તેની પર સૌની નજર મંડાઈ છે.

ઉલ્લેખનિય છે કે, થોડા સમય પહેલા અમદાવાદમાં જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી સ્વામી અવિમુક્તેશ્વરજીની ઉપસ્થિતિમાં યોજાયેલી સભામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે હાજરી આપી શંકરાચાર્યજી દ્વારા શરૂ કરવામાં આવેલા ગૌમાતા રાષ્ટ્રમાતા અભિયાનને સમર્થન જાહેર કર્યું હતું અને વચન આપ્યું હતું કે, તેઓ ગૌમાતાના સન્માન અને અધિકારો માટે વિધાનસભામાં અવાજ ઊઠાવશે અને જરૂરી કાયદો લાવવા પ્રયત્ન કરશે. પોતાના એ વચનને પૂર્ણ કરતા આજે તેમણે વિધાનસભામાં ગુજરાત રાજમાતા (ગૌમાતા દરજ્જો, રક્ષણ અને કલ્યાણ) બિલ ૨૦૨૬ રજૂ કર્યુ હતું.

આ બિલ દ્વારા રાજ્યમાં ગૌમાતાને પ્રતિકાત્મક રીતે રાજમાતાનો સન્માનિય દરજ્જો આપવાની માગ કરવામાં આવી છે. બિલમાં એવી પણ જોગવાઈ છે કે રાજ્યના દરેક જિલ્લામાં ખાસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવે, જે ગૌમાતાના ખોરાક, રહેઠાણ અને આરોગ્યની સુવિધાઓનું નિરીક્ષણ કરે. આ ઉપરાંત બીમાર કે અશક્ત ગૌમાતાને કતલખાને જતા અટકાવવા અને તેમના કલ્યાણ માટે રાજ્યના બજેટમાંથી વાર્ષિક રૂા. ૧૦૦ કરોડ જેવી રકમ ફાળવવાની દરખાસ્ત પણ મૂકવામાં આવી છે.

તદુપરાંત અમિત ચાવડાએ સત્તાધારી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપે ગૌમાતા અને સનાતનના નામે મતો મેળવીને સરકાર તો બનાવી લીધી, પરંતુ આજે ગૌમાતાની સૌથી વધુ અવગણના થઈ રહી છે. સમગ્ર દેશમાં સૌથી વધુ ગૌવંશની કતલના કિસ્સાઓ અને ગૌમાંસની નિકાસની બાબતો ચિંતાજનક સ્તરે પહોંચી છે, જે ભાજપની કથની અને કરણી વચ્ચેનો તફાવત છતો કરે છે. હવે જ્યારે આ વિધેયક વિધાનસભામાં લાવવામાં આવ્યું છે, ત્યારે સનાતનના નામે ચૂંટાઈને આવેલા ભાજપના પ્રતિનિધિઓ ગૌમાતા પ્રત્યેની તેમની નૈતિક પ્રતિબદ્ધતા દર્શાવે તે જરૂરી છે.

### અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે સપ્લાય ચેઈન ખોરવાતા

## ઈન્ડિગોએ ફ્લાઈટના ભાડામાં રૂા. ૨૩૦૦ સુધીનો વધારો ઝીંકયો

નવી દિલ્હી તા. ૧૪: ઈન્ડિગોએ ૪૨૫ થી ૨૩૦૦ રૂપિયા સુધી ફ્લાઈટના ભાડા વધારી દીધા છે. મુસાફરોએ ફ્યુઅલ સરચાર્જ ચૂકવવો પડશે. ઈંધણના ભાવમાં ૮૫ % થી વધુનો વધારો જોવા મળ્યો છે.

અમેરિકા-ઈરાનના યુદ્ધ વચ્ચે ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈન ખોરંભાઈ છે, ત્યારે વિશ્વમાં જેટ ફ્યુઅલના ભાવોમાં પણ વધારો થયો છે, જેના પગલે ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ તમામ ટિકિટોના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ઈન્ડિગોએ ફ્લાઈટ ટિકિટના ભાવમાં રૂા. ૪૨૫ થી રૂા. ૨૩૦૦ સુધીનો વધારો કર્યો છે, જે મુસાફરો પાસેથી ઈંધણ સરચાર્જ તરીકે વસૂલવામાં આવશે. ઈન્ડિગોએ માહિતી આપી હતી કે ફ્લાઈટ ટિકિટના નવા ભાવ ૧૪ માર્ચ ૨૦૨૬ થી અમલમાં આવશે. ઈન્ડિગોએ જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવને કારણે ઈંધણના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારાને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે.

જેટ ફ્યુઅલ મોનિટર અનુસાર આ ક્ષેત્રમાં ઈંધણના ભાવમાં ૮૫ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. કંપનીએ જણાવ્યું છે કે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એરલાઈનના સંચાલન ખર્ચનો મોટો ભાગ છે. આ અચાનક ભાવધારાથી ઈન્ડિગો સહિત તમામ એરલાઈન્સના ખર્ચ અને નેટવર્ક પર નોંધપાત્ર અસર પડશે.

કંપનીએ જણાવ્યું હતું કે, જ્યારે ઈંધણના ભાવમાં આ મોટા વધારાનો સંપૂર્ણ પ્રભાવ ઘટાડવા માટે ભાડામાં ફેરફાર જરૂરી છે. ઈન્ડિગોએ ગ્રાહકો પરના બોજને ધ્યાનમાં રાખીને ફ્યુઅલ ચાર્જના રૂપમાં પ્રમાણમાં ઓછો વધારો લાગુ કર્યો છે. ૧૪ માર્ચ ૨૦૨૬ ના ઈન્ડિગો ફ્લાઈટ્સ માટે તમામ નવી બુકીંગ પર ભાડાની સાથે ઈંધણ ચાર્જ વસૂલવામાં આવશે.

ઈન્ડિગોએ ભારતમાં ચાલતી બધી સ્થાનિક ફ્લાઈટ્સ માટે રૂપિયા ૪૨૫ નો વધારાનો ઈંધણ ચાર્જ નક્કી કર્યો છે. ભારતીય ઉપખંડના દેશો, જેમ કે બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા અને માલદીવ્સ માટે પણ રૂપિયા ૪૨૫ નો ઈંધણ ચાર્જ વસૂલવામાં આવશે. ઈન્ડિગોએ મધ્ય પૂર્વની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૯૦૦, દક્ષિણપૂર્વ એશિયા અને ચીનની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૧,૮૦૦, આફ્રિકન અને પશ્ચિમી એશિયાઈ દેશોની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૧.૮૦૦ અને યુરોપિયન દેશોની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૨,૩૦૦ ઈંધણ ચાર્જ નક્કી કર્યો છે.

### દુનિયાભરના સેલિબ્રિટીઝના આકર્ષણનું કેન્દ્ર અને સુરક્ષિત શહેર ગણાતુ

## દુબઈ શહેર બન્યું ભેંકારઃ ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે ટૂરિઝમ ઠપ્પઃ સડકો સુમસામ

દુબઈ તા. ૧૪: અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે દુબઈ જેવું સૌથી સુરક્ષિત મનાતુ શહેર છોડીને શ્રીમંતો અને સેલિબ્રિટીઝ પલાયન કરી રહ્યા છે. ડ્રોન-મિસાઈલ હુમલાના ડરથી વિદેશીઓ ભાગી રહ્યા છે. લાખો મજુરો ફસાયા છે. અને ટુરિઝમ ઠપ્પ થઈ ગયું છે.

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધે દુબઈમાં અભૂતપૂર્વ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. એક સમયે વિશ્વના સૌથી સુરક્ષિત અને સૌથી ગતિશીલ શહેરોમાંનું એક માનવામાં આવતું દુબઈ હવે લગભગ ખાલી દેખાય છે. વિદેશી રહેવાસીઓ અને પ્રવાસીઓ મોટાભાગે શહેર છોડીને ગયા છે.

દરિયાકિનારા, પાર્ટી પૂલ, બીચ ક્લબ અને રેસ્ટોરન્ટ ખાલી છોડી દીધા છે. ખાલી જગ્યાઓમાં કામ કરતા સ્થાનિક કામદાર વર્ગ જ બચ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર, ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી શહેરમાં આ પરિસ્થિતિ વધુ વણસી છે. તા.૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓ પછી ઈરાને ગલ્ફ દેશોમાં અમેરિકન લશ્કરી થાણાઓને નિશાન બનાવીને બદલો લીધો.

ઈરાને યુએઈ (અબુ ધાબી અને અન્ય વિસ્તારો) માં અમેરિકન થાણાઓ પર [illegible] ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલો છોડ્યા છે. આ તણાવે દુબઈના ગ્લેમરને ભયની સ્થિતિમાં ફેરવી નાખ્યું છે. દુબઈના વીડિયોમાં એક સમયે ચમકતા શહેરને ભૂતિયા શહેર જેવું દેખાય છે.

યુએસ-ઈઝરાયલી હુમલાઓના જવાબમાં ઈરાને છેલ્લા બે અઠવાડિયામાં દુબઈ સહિત યુએઈ પર આશરે ૧,૭૦૦ મિસાઈલો અને ડ્રોન છોડ્યા છે. યુએઈની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ લગભગ ૯૦% હુમલાઓને અટકાવ્યા હતા, પરંતુ કાટમાળ પડવાથી નોંધપાત્ર નુકસાન થયું હતું. બુર્જ અલ અરબ હોટેલ, ફેરમોન્ટ ધ પામ, દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર, દુબઈ એરપોર્ટ અને અનેક ગગનચુંબી ઈમારતોને નુકસાન થયું હતું. બે ડ્રોન એરપોર્ટ પર અથડાયા હતા, જેમાં ચાર લોકો ઘાયલ થયા હતા અને ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી હતી.

દુબઈ મીડિયા ઓફિસે શરૂઆતમાં કોઈ ઘટના ન હોવાનો દાવો કર્યો હતો, પરંતુ ફોટા અને અહેવાલોએ સત્ય બહાર કાઢ્યું હતું. ધ સનના અહેવાલ મુજબ, દુબઈમાં રહેતા હજારો શ્રીમંત વિદેશી રહેવાસીઓ અને પ્રવાસીઓ શહેર છોડીને ગયા છે. શાળાના વસંત વિરામની શરૂઆત છતાં પશ્ચિમી બાળકો ગેરહાજર છે.



બીચ ક્લબ અને રેસ્ટોરન્ટમાં સન લાઉન્જર્સ ખાલી છે, જે અગાઉ પ્રભાવકો અને પ્રવાસીઓથી ભરેલા હતા તેનાથી વિપરીત. સીએનબીસીના અહેવાલ મુજબ, ઘણાં વિદેશી રહેવાસીઓએ જણાવ્યું હતું કે જીવન લગભગ સામાન્ય હતું, પરંતુ તેમના ફોન પર આશ્ચર્યસ્થાને ચેતવણીઓ, આકાશમાં ચમક અને કાટમાળ પડવાથી બધું બદલાઈ ગયું છે.

તાજેતરના અહેવાલો અનુસાર, વ્યાવસાયિકો અને શ્રીમંત પશ્ચિમી લોકો ચાર્ટર્ડ ફ્લાઈટ્સ પર મોટી રકમ ચૂકવીને ભાગી રહ્યા છે. રાતોરાત શહેર છોડવાની ઉતાવળમાં, ઘણા લોકોએ તેમના પાલતુ પ્રાણીઓને પણ શેરીઓમાં છોડી દીધા હતા. એરપોર્ટ પર ફ્લાઈટ્સ મર્યાદિત હતી, જેના કારણે હજારો લોકો ફસાયેલા હતા. અમેરિકાએ તેના નાગરિકોને બહાર કાઢવા માટે ચાર્ટર ફ્લાઈટ્સ શરૂ કરી છે.

વિદેશી મીડિયા તથા અખબારી અહેવાલો મુજબ યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાં પ્રવાસન ઉદ્યોગ દરરોજ આશરે ૬૦૦ મિલિયનનું નુકસાન કરી રહ્યો છે. જુમેરાહ બીચ રેસિડેન્સ (જેબીઆર), રેસ્ટોરાં અને દુબઈ મોલ જેવા વિસ્તારો, જે પહેલા ભાગ્યે જ સુલભ હતા, હવે લગભગ ખાલી થઈ ગયા છે. વિશ્વના સૌથી મોટા ફેરિસ વ્હીલ, આઈન દુબઈના પૈડા પણ બંધ થઈ ગયા છે. આ સમગ્ર પરિસ્થિતિનું સૌથી ભયાનક પાસું એ છે કે જ્યારે શ્રીમંત વ્યક્તિઓ દુબઈ છોડીને ભાગી રહ્યા છે, ત્યારે દક્ષિણ એશિયાઈ દેશો (ભારત, પાકિસ્તાન, નેપાળ, વગેરે) ના લાખો બ્લુ-કોલર કામદારો, ટેક્સી ડ્રાઈવરો અને હોટેલ સ્ટાફ ફસાયેલા છે. કામ બંધ થવાને [illegible] તેમના પગાર રોકી દેવામાં આવ્યા છે, અને ફ્લાઈટ ભાડા ત્રણ ગણા વધી ગયા છે, જેના કારણે તેમના માટે ઘરે પાછા ફરવાનું લગભગ અશક્ય બની ગયું છે.

આ અસ્થિરતા વચ્ચે, ભારત સરકાર અને એરલાઈન્સના પ્રયાસોને કારણે, ૧ થી ૭ માર્ચ દરમિયાન ૫૨,૦૦૦ થી વધુ ભારતીય નાગરિકો યુએઈ અને ખાડી દેશોમાંથી સુરક્ષિત રીતે ભારત પરત ફર્યા છે. યુએઈ સરકારે હવાઈ સંરક્ષણ મજબૂત બનાવ્યું અને નાગરિકોને ખાતરી આપી. જોકે, પોલીસે ચેતવણી આપી છે કે હુમલાના ફોટા અથવા વીડિયો શેર કરવાથી કાનૂની કાર્યવાહી થઈ શકે છે.

અત્યાર સુધીમાં, ૨૧ લોકો પર અફવાઓ ફેલાવવાનો આરોપ મુકવામાં આવ્યો છે, જેમાં ૬૦ વર્ષીય બ્રિટિશ પ્રવાસીનો પણ સમાવેશ થાય છે. બ્રિટિશ દૂતાવાસે નાગરિકોને ચેતવણી આપી છે કે યુએઈના કાયદા ખૂબ કડક છે. એકંદરે, દુબઈ હજુ પણ જંગલમાંથી બહાર નથી, પરંતુ કોઈ વ્યાપક નુકસાન કે જાનહાનિ થઈ નથી. શહેરે તેની ચમક ગુમાવી દીધી છે, પરંતુ કામદાર વર્ગ અને કેટલાક સ્થાનિક રહેવાસીઓ સાથે જીવન ચાલુ રહે છે. તેલના ભાવ, ફ્લાઈટ્સ અને પર્યટન પર અસર વૈશ્વિક સ્તરે પડી રહી છે.

### સુપ્રિમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ નિર્ણયઃ ૧૪ હાઈકોર્ટોને નિર્દેશ

## જિલ્લા ન્યાયાધિશોને બાર એસોસિએશનોમાં 30 ટકા મહિલા કારોબારી સભ્યો નિમવાની સત્તા

નવી દિલ્હી તા. ૧૪: બાર એસોસિએશનોમાં હવે મહિલાઓનું વર્ચસ્વ વધશે સુપ્રિમ કોર્ટે ૩૦% પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા જિલ્લા ન્યાયાધીશોને મોટી સત્તા

દેશની વિવિધ કોર્ટ અને બાર એસોસિએશનોમાં મહિલા વકીલોની ભાગીદારી વધારવા માટે સુપ્રિમ કોર્ટે આજે એક મોટું અને નિર્ણાયક પગલું ભર્યુ છે.

સર્વોચ્ચ અદાલતે દેશભરના જિલ્લા ન્યાયાધીશોને વિશેષ સત્તા આપી છે કે તેઓ પોતાના અધિકારક્ષેત્રમાં આવતા બાર એસોસિએશનોની કારોબારી સમિતિઓમાં મહિલા સભ્યોની નિમણૂક કરી શકશે, જેથી ૩૦ ટકા મહિલા પ્રતિનિધિત્વનો લક્ષ્યાંક પૂરો કરી શકાય.

ઘણીવાર એવું જોવા મળે છે કે પૂરતી સંખ્યામાં મહિલા વકીલો ઉપલબ્ધ હોવા છતાં, કોઈ કારણોસર તેઓ ચૂંટણી લડી શકતી નથી. આવા સંજોગોમાં, સુપ્રિમ કોર્ટે જિલ્લા ન્યાયાધીશોને સત્તા આપી છે કે તેઓ લાયક મહિલા વકીલોનું સીધું નામાંકન કરી શકશે. સીજેઆઈ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચે આ આદેશ આપતા જણાવ્યું હતું કે, મહિલાઓના હકોને માત્ર કાગળ પર નહીં પણ વાસ્તવિકતામાં અમલી બનાવવાની જરૂર છે. કોર્ટે નોંધ્યું હતું કે અત્યાર સુધી માત્ર ૧૧ હાઈકોર્ટે જ મહિલા પ્રતિનિધિત્વ અંગેના પાલન અહેવાલો દાખલ કર્યા છે. બાકીની ૧૪ હાઈકોર્ટને કડક શબ્દોમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ તાત્કાલિક અસરથી તેમના કાર્યક્ષેત્રમાં આવતા તમામ એસોસિએશનોમાં આ આદેશનું પાલન કરાવે. આ નિયમ માત્ર જિલ્લા કોર્ટ પૂરતો નહીં, પરંતુ ટેક્સ બાર, રેરા, ડીઆરટી અને એનજીટી જેવા તમામ વિશિષ્ટ બાર એસોસિએશનોને પણ લાગુ પડશે.

સુનાવણી દરમિયાન સિનિયર એડવોકેટ જયના કોઠારીએ ધ્યાન દોર્યુ હતું કે કેટલીક હાઈકોર્ટો દ્વારા આપવામાં આવેલા અહેવાલો ખૂબ જ ટૂંકા અને અસ્પષ્ટ (સ્કેચી) હતા. આ બાબતને ગંભીરતાથી લઈને સુપ્રિમ કોર્ટે હવે સીધા જ જિલ્લા ન્યાયાધીશોને જવાબદારી સોંપી છે કે તેઓ મહિલા સભ્યોની નિમણૂક કરીને રજિસ્ટ્રાર જનરલ મારફતે સુપ્રિમ કોર્ટને ડેટા મોકલે.

આ ઐતિહાસિક નિર્ણયથી કાનૂની વ્યવસાયમાં મહિલાઓને નિર્ણાયક ભૂમિકામાં આવવાની તક મળશે અને બાર એસોસિએશનોમાં વર્ષોથી ચાલતા પુરૂષ પ્રભુત્વમાં મોટો ફેરફાર આવશે.